૪.૩ નિયત નમૂનામાં, નિયત કરેલી સમયમર્યાદામાં કરારનામું કરવામાં નિષ્ફળ જનાર ટેન્ડરરનો મંજુર કરેલ ઈજારો આપોઆપ રદબાતલ ગણાશે. અને ટેન્ડરરની ટેન્ડર ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. અને તેના ખર્ચે અને જોખમે નિગમ અન્યરીતે આ કામગીરી પૂર્ણ કરાવશે. અને આવા ટેન્ડરરને ભવિષ્યની કામગીરી માટે ગેરલાયક ગણવામાં આવશે.

(૫) <u>કામગીરીની વિગતો.</u>

૫.૧ ટેન્ડરરે ટેન્ડરફોર્મમાં દર્શાવેલી વિગતો મુજબ ગોડાઉનની કામગીરી કરવાની રહેશે. ખાંડ તેમજ ગુણીઓમાં આવતી અન્ય ચીજવસ્તુઓની મજુરીની કામગીરી માટે અનાજના મંજુર થયેલ ભાવોએ સ્લાઈડીંગ સ્કેલ મુજબ કામગીરી કરવાની રહેશે.

૫.૨ કોન્ટ્રાકટરે તેમને સુપ્રત કરવામાં આવેલી કામગીરી નિયત સમયમર્યાદામાં પુરી કરવાની રહેશે. તેમાં કસુર થયે કોર્પોરેશન કોન્ટ્રાકટરના ખર્ચે અને જોખમે જરુર પડયે વધુ ભાવો ચુકવીને પણ કામગીરી પુરી કરવામાં આવશે અને તે અંગેની સઘળી જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. આ અંગે થયેલ વધારાનો ખર્ચ કોર્પોરેશનને ચુકવવા કોન્ટ્રાકટર બંધાયેલા રહેશે. અને જો તેઓ તે ચુકવવામાં નિષ્ફળ જશે તો કાયદાકીય રાહે તે વસુલ કરવામાં આવશે.

૫.૩ ઈજારો મંજુર થયે કોન્ટ્રાકટરે કરારખતની શરત નં.૩૨.૧ માં ઉલ્લેખ કર્યા મુજબના એક મુકાદમ (સુપરવાઈઝર) તથા ઓછામાં ઓછા મજુરો ગોડાઉનની રોજીંદી કામગીરી માટે પુરા પાડવાના રહેશે. આ ઉપરાંત નાયબ જિલ્લા મેનેજરશ્રી(ગ્રેડ.૨) અને ગોડાઉન કીપર/ગોડાઉન મેનેજર જણાવે તે પ્રમાણે અને તેટલી સંખ્યામાં વધારાના મજુરો પુરા પાડવાના રહેશે.

નિગમ દ્વારા રોજેરોજ જેટલા મજુરો પુરા પાડવાનું જણાવવામાં આવે તે કરતા ઈજારદાર દ્વારા જેટલા મજુરો ઓછા પુરા પાડવામાં આવશે તેટલા મજુરો માટે પ્રતિ દિન/પ્રતિ મજુર દીઠ રૂ. ૫૦૦/- ની પેનલ્ટી(દંડ) કરવામાં આવશે. જે તમામ ટેન્ડરરને બંધનકર્તા રહેશે.

૫.૪ ગોડાઉનની કામગીરીમાં તાલુકાની અને નિગમના ગોડાઉન સાથે જોડાયેલ હોય તેવા અન્ય તાલુકાની અંદર આવેલા કોઈપણ સ્થળે કોર્પોરેશનની માલિકીના અગર તો ભાડે લીધેલા અથવા હવે પછી ભાડે લેવામાં આવનાર ગોડાઉન ઉપર રેલ્વે સ્ટેશનો અગર રેલ્વે ગોદીમાં અગર તો કોર્પોરેશન તરફથી ખોલવામાં આવેલ ખરીદ કેન્દ્રો અગર કોર્પોરેશનને જયાં યોગ્ય લાગે તેવા સ્થળોએ વાહનમાં જાહેર વિતરણ તથા અન્ય યોજના અને ટેકાના ભાવે ખરીદેલ આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો ઉતારવા અથવા વાહનમાં જથ્થો ચઢાવવા, વેગનો ખાલી કરવા અગર તો વાહનોમાં ભરવા જેવી કામગીરી મજુરી કામના ભાવના પરિશિષ્ટમાં દર્શાવેલ કામગીરી કરી આપવાની રહેશે.

૫.૫ ઈજારો મંજુર થયે કોન્ટ્રાકટરે સીકયોરીટી ડીપોઝીટ સાત દિવસમાં જમા કરાવી કરારનામું કરી તાત્કાલિક કામગીરી શરુ કરવાની રહેશે. બીજા સાત દિવસ સુધી પ્રતિદિન રૂા.૨૫૦/- (રૂા. બસો પચાસ )નો દંડ કરવામાં આવશે.આ જોગવાઈનો લાભ કરારખત કરવા માટે આપેલ સમય મર્યાદા ઉપરાંત (૭) સાત દિવસ સુધી જ મળવાપાત્ર રહેશે.

**(૬) <u>મજુરી કામના બીલો</u>**

૬.૧ મજુરી કામ અંગેના બીલો દર માસના અંતે મોડામાં મોડા દિન આઠમાં આઈટમવાર કરેલી કામગીરીની વિગતો સાથે ગોડાઉન મેનેજરશ્રીને પહોંચતા કરવાના રહેશે. ગોડાઉન મેનેજરશ્રીએ તેમના રેકોર્ડ સાથે તેની ચકાસણી કરી પ્રમાણિત કર્યા બાદ આ જિલ્લા કચેરીને ચુકવણી માટે મોકલશે.

(૭) **<u>વિવાદ</u>**

૭.૧ આ કરારની કોઈપણ શરતના અર્થઘટનનો કે બીજો વિવાદ ઉભો થાય તો કોર્પોરેશનના મેનેજીંગ ડીરેકટરશ્રીનો નિર્ણય આખરી ગણવાનો રહેશે.

૭.૨ ઈજારદાર ધ્વારા કોર્પોરેશન સાથે થયેલ કરારભંગ તેમજ તેઓની બેદરકારી કે નિષ્ફળતાને કારણે તેમની સામે તમામ પ્રકારના શરત ભંગના પગલા જેવા કે નાણાંકિય નુકશાનની વસુલાત, દંડ અને સીકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવા, કરાર રદ કરવો, કાળીયાદીમાં મુકવા વિગેરે કોર્પોરેશનના સીટી મેનેજરશ્રી/ નાયબ જીલ્લા મેનેજરશ્રી (ગ્રેડ–ર) લઈ શકશે.

૭.3 અપીલ :-

ઈજારદારને કરવામાં આવેલ શિક્ષાત્મક હુકમ સામે સંબંધિત જનરલ મેનેજરશ્રીને હુકમ થયાના ૩૦ (ત્રીસ) દિવસ સુધીમાં અપીલ કરી શકશે. આ અપીલના ચૂકાદા પર પુનઃ અપીલ થઈ શકશે નહીં.

(૮) <u>બાકી લેણાં</u>

૮.૧ કોન્ટ્રાકટર પાસે કોઈપણ કારણસર બાકી નીકળતી લેણી રકમ તેમના બાકી બીલો અને સલામતી થાપણની રકમમાંથી વસુલ કરવામાં આવશે.

૮.૨ ઉપર ૮.૧ માં જણાવ્યા પ્રમાણે વસુલ કરવા છતાં પણ જો રકમ બાકી રહેશે તો તે જમીન મહેસુલની બાકી રકમની જેમ વસુલ કરવામાં આવશે. અને તેના પર ૧૫ % પ્રમાણે વ્યાજ ગણવામાં આવશે.

૮.૩ મજુરી કામના ઈજારાની મુદત પુરી થયા બાદ ઈજારદાર ધ્વારા વર્ષ દરમ્યાન નિભાવવામાં આવેલ જરુરી મૂળ રેકર્ડ જિલ્લા કચેરીમાં જમા કરાવવાનું રહેશે.

**તારીખ** / /૨૦૧૮ ટેન્ડરરની સહી/સીકકો

ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ
(ગુજરાતસરકારનું સાહસ)
ટેલીફોન નં.૦૭૯-૨૩૨૨૧૦૩૭, ૨૩૨૨૧૦૩૮, ફેક્ષ નં.૦૭૯-૨૩૨૨૧૦૩૦/૨૩૨૨૬૩૩૮
સેકટર-૧૦.એ, 'ચ'રોડ, નવાસચિવાલય પાસે, ગાંધીનગર-૩૮૨૦૧૦
Email:md-gscsc@gujarat.gov.in, Website:www.gscscl.gujarat.gov.in
Corporate Identity Number(CIN) : U65910GJ1980SGC003957

જિલ્લા કચેરી.................

........................... ફોન નં............ફેક્સ નં........... ઈમેઈલ .................

## વર્ષ ૨૦૧૮-૧૯ માટે મજુરી કામના ઈજારા અંગેનું કરારનામું.

લખાવી લેનાર:- **ગુજરાત સ્ટેટ સિવિલ સપ્લાઈઝ કોર્પોરેશન લી.** જિલ્લા કચેરી................

લખી આપનાર :- જે ઇજારદાર / ટેન્ડરર પેઢી કે ક્પની કે અન્ય વ્યક્તિ સિવાય ની કેપેસીટી મા ટેંડર ભરેલ હોય તો તેના કર્તા કે વહીવટદાર જે કેપેસીટીમા સહી કરતા હોયતે કેપેસીટીમા અને પુરેપૂરૂ/આખુનામ અનેપુરેપૂરૂ/આખુ સરનામુ લખવાનુ રહેશે.

૧. ગુજરાત સ્ટેટ સિવિલ સપ્લાઈઝ કોર્પોરેશન લિ.- ------------------------ ધ્વારા કામગીરી સુપ્રત કર્યાની તારીખ ____________ થી તા.૩૧/૩/૨૦૧૯ સુધી ના સમય માટે -------------------- ગોડાઉન ઉપર મજુરી કામનો ઈજારો આપવા માટે ટેન્ડરો બહાર પાડવામાં આવતાં અમોએ નીચે દર્શાવેલ શરતોએ તેમજ આ સાથે સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ ભાવ મુજબ કામ કરવાની દરખાસ્ત કરી હતી. અને અમારું આ ટેન્ડર માન્ય રહેતાં અમો નીચે દર્શાવેલ શરતો ટેન્ડર નોટીસ અને ટેન્ડરની સાથે આપવામાં આવેલ માર્ગદર્શક સુચનાઓ તથા સામાન્ય શરતો પણ અમોને બંધનકર્તા રહેશે. તે અમો સ્વીકારીએ છીએ.

૨. આ કામગીરીની શરતો નીચે મુજબ રહેશે.

**અમો અમારા મજુરો મારફત સીટી/ તાલુકામાં અને નિગમના ગોડાઉન સાથે જોડાયેલ હોય તેવા અન્ય તાલુકામાં આવેલ કોર્પોરેશનની માલિકીના અગર તો ભાડે લીધેલા અથવા હવે પછી ભાડે લેવામાં આવનાર ગોડાઉન ઉપર રેલ્વે સ્ટેશનો અગર રેલ્વે ગોદીમાં અગર તો કોર્પોરેશન તરફથી ખોલવામાં આવેલ ખરીદ કેન્દ્રો અગર કોર્પોરેશન જયાં યોગ્ય લાગે તેવા સ્થળોએ વાહનમાં જથ્થો જાહેર વિતરણ યોજના/ અન્ય યોજના અને ટેકાના ભાવે ખરીદેલ અનાજ અને આવશ્યક ચીજવસ્તુઓનો ઉતારવા અથવા વાહનમાં ચડાવવા વેગનો ખાલી કરવા અગર તો વાહનોમાં ભરવા જેવી કામગીરી આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ ભાવોથી કરી આપવા બંધાઈએ છીએ.**

૩.(અ) કોર્પોરેશન તરફથી આ કરાર હેઠળ કરવામાં આવેલી કામગીરી માટે પરિશિષ્ટ-૧માં જણાવેલ ભાવો પ્રમાણે નીચેની શરતોએ ચુકવણું કરવામાં આવશે જે અમો કબુલ રાખીએ છીએ.

૧. ૮૫ કિલોગ્રામ નેટ વજનની અને તેના થી વધુ વજનની નેટ ભરતીની ગુણો માટે ૧૦૦ કિ.ગ્રા.ની ગુણીના મંજુર કરેલા પુરા ભાવથી ચુકવણું કરવામાં આવશે.

૨. ૫૦ કિલોગ્રામ નેટ વજનથી વધુ અને ૮૫ કિલોગ્રામ નેટ ભરતીથી ઓછા વજનવાળી ગુણો માટે ૧૦૦ કિ.ગ્રા.ની ગુણીના મંજુર કરેલ દરના ૩/૪ દરે ચુકવણી કરવામાં આવશે.

૩. ૨૦ કિલોગ્રામ નેટ વજનથી વધુ અને ૫૦ કિલોગ્રામ નેટ વજન સુધીની ગુણો માટે ૧૦૦ કિ.ગ્રા.ની ગુણીના મંજુર કરેલા દર થી ૬૦ % દરે ચુકવણી કરવામાં આવશે.

૪. ૨૦ કિલોગ્રામથી ઓછા નેટ વજન સુધીની ગુણો માટે ૧૦૦ કિ.ગ્રા.ની ગુણીના મંજુર કરાયેલા દરથી ૨૫% ના દરે ચુકવણી કરવામાં આવશે.

ઉપરોકત ૧ થી ૪ માં નેટ વજનની ભરતી એટલે બારદાનના વજન સિવાયની ગણવાની રહેશે. તેમજ મજુરી કામગીરીમાં ગુણીઓ સિવાય બંડલ, કાર્ટુન, ટીન વિગેરે વસ્તુઓનો સમાવેશ પણ થાય છે.

૫. પરિશિષ્ટમાં નકકી કરેલ કામગીરી અમો કોઈપણ કારણથી કરી શકશું નહીં તો યોગ્ય રકમની કપાત કોર્પોરેશન મંજુર થયેલ ભાવોથી કરી શકશે અને આવી કામગીરી પૂર્ણ કરવા માટે અમારા ખર્ચે અને જોખમે કામગીરી કરાવી શકશે.

૬. સમભરતી કરતી વખતે ગુણી ખોલતાં અનાજના જથ્થામાં કાકરા/ કોલસા/ સીમેન્ટ કે અન્ય અશુધ્ધિઓ જણાઈ આવે તો તેગુણીની સમભરતી ન કરતાં અલગ રાખી ગોડાઉન મેનેજર/ ગોડાઉન કીપરના ધ્યાન ઉપર લાવવા અમો બંધાઈએ છીએ આમ કરવામાં અમો નિષ્ફળ જવાના કારણે ઉપસ્થિત થનાર ફરીયાદ માટે ઈજારદારની એટલે કે અમારી સંપૂર્ણ જવાબદારી રહેશે તે અમો સ્વીકારીએ છીએ.

૭. અમારી તરફેણમાં/ અમારા ભાગીદારો પૈકી કોઈપણ ભાગીદારની તરફેણમાં આ જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાન ચલાવવા અંગે મંજુરી આપવામાં આવેલ નથી. તેમજ જે સહકારી મંડળીની તરફેણમાં આ જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાન મંજુર કરવામાં આવી હોય તેવી કોઇપણ સહકારી મંડળીમાં અમો કે અમારા ભાગીદાર કોઇ હોદ્દો ધરાવતા નથી. વધુમાં અમો સ્વીકારીએ છીએ કે અમારો મંજુર થયેલ મજુરી કામનો ઈજારો કુલમુખત્યાર નામાથી કે કોઈપણ રીતે વ્યાજબી ભાવની દુકાન ધરાવનારની તરફેણમાં આપી શકાશે નહિં આવી બાબત ધ્યાને આવ્યાથી નિગમ ઠરાવે તે દંડભરવા અમો સંમત છીએ. તથા ઉપરોકત ઈજારો રદ કરવા અને ત્યાર પછીના બાકીના સમયની કામગીરી અમારે ખર્ચે અને જોખમે કરાવી લેવાનો નિગમનો હકક છે. તે અમો સ્વીકારીએ છીએ.

૮. અમારી તરફેણમાં આ જિલ્લામાં અમો કે અમારી પેઢી/ અમારા ભાગીદાર/કંપનીની ના નામે અનાજ પરિવહન ઇજારો મંજુર કરવામાં આવ્યો હશે તો આ મજુરી કામનો ઇજારો રદ થવાપાત્ર ગણાશે અને જો હવે પછી પણ અનાજ પરિવહન ઇજારો મંજુર થશે તો પણ અમારો મજુરી કામનો ઇજારો રદ કરવામાં આવશે જે અમોને કબુલ મંજુર છે.

(બ) આ સાથે પરિશિષ્ટમાં દર્શાવેલ ભાવો સુતળી પીળા કલરની દોરી તથા સિલાઈ માટેનું મશીન તથા નિગમ સુચવે તે મુજબ સ્ટેમ્પીંગ માટે વાપરવાની થતી શાહી અથવા દરેક ગુણી પર લગાવવાની નિયત કરેલ ટેગ સાથેના છે. એટલે કે સુતળી પીળા કલરની દોરી, અને અને શાહી/ નિયત કરેલ ટેગ અમારા ખર્ચે અમારે વાપરવાની છે. તેમજ સમભરતી દરમ્યાન જણાવેલ ફાટેલી/ તૂટેલી ગુણોને સાંધીને સિલાઈ કરી સમભરતી કરવા પણ અમો બંધાઈએ છીએ. અને ગુણીની સિલાઈ મશીનથી કરી આપવા બંધાઈએ છીએ જો નિયત કરેલ રંગવાળી દોરી કે મશીનથી સિલાઈ કરેલી ગુણીઓ માલુમ નહીં પડે તો કોઈપણ વજનની પ્રતિ બોરી દીઠ ૦.૫૦ પૈસા લેખે કોર્પોરેશન અમોને દંડ કરશે જે અમોને કબુલ મંજુર છે. અને અમો ફરીથી નિયત કરેલ કલર- દોરીથી મશીન સિલાઈ કરી આપવા પણ બંધાઈએ છીએ.

(ક) કોઈપણ કારણસર ભાવ કપાત બાબતે મતભેદ ઉભો થાય ત્યારે કોર્પોરેશનના મેનેજીંગ ડીરેકટરશ્રી જે નિર્ણય આપશે તે છેવટનો નિર્ણય ગણાશે. અને તે અમોને બંધનકર્તા રહેશે.

૪. સફાઈ અને રુપાંતરની બાબતમાં તે માટેના દરમાં આડ-પેદાશ સાફ કરવાનો પણ સમાવેશ થાય છે. તે અનુસાર કોર્પોરેશનના અધિકૃત અધિકારી જણાવશે ત્યારે આડ-પેદાશ પણ તારવી લઈ સાફ સુફ કરી આપશું. જેથી ખાદ્ય અનાજ વગેરેમાંથી ધૂળ અને કુશકી અલગ કરી શકાય.

૫. સ્પષ્ટ રીતે અન્યથા જોગવાઈ કરી હોય તે સિવાયના કામોમાં નિયત કરેલા ભાવોમાં ગુણી ચડાવવી ઉતારવી અને ગોદામના કદ અને ભોંય તળીયાની મજબૂતાઈ પર આધારીત ૧૬ થર સુધી ઉંચી થપ્પીઓ કરવાનો સમાવેશ થાય છે.કોર્પોરેશનના અધિકૃત અધિકારી પોતાની વિવેકબુધ્ધિ પ્રમાણે થપ્પીઓની ઉંચાઈ વધારી શકશે. પરંતુ આ પરિશિષ્ટમાં ઠરાવેલા દરથી વધુ ભાવો માંગીશું નહિં.

૬. જરુરીયાત ઉભી થયેથી અમો પરિશિષ્ટમાં દર જણાવ્યા ન હોય તેવું કામ પણ હાથ ધરીશું, અને આવા કામ માટે કોર્પોરેશનના અધિકૃત અધિકારીની મંજુરી મેળવવા પાછળથી નકકી થતાં ભાવો અમોને માન્ય રહશે.

૭. અમો મજુરી કામ માટે જરુરી વજનીયા, કાંટા, પીપ, તાડપત્રીઓ, ચારણીના સાધનો અથવા ગોદામની સાધન સામગ્રી એકજ ગોડાઉનમાં એક જ જગ્યાએ અથવા એક જ સ્થળે આવેલા VgI ગોદામમાં ફેરવી આપીશુ, **ખાલી બારદાનનું વર્ગીકરણ કરી વીટા કરી આપીશું તેમજ જરૂર પ્રમાણે ફયુમીગેશનની કામગીરી કરી આપીશુ અને આવી કામગીરી માટે કોઈપણ પ્રકારની અલગ મજુરી મેળવવા હકકદાર રહેશું નહીં.**

૮. દિવસનું કામ પુંરું થયા પછી અમો ઉપરની કલમ (૭) માં જણાવેલા સાધનો તથા સફાઈ કરતાં નિકળેલો કચરો વિગેરે સબંધિત ગોદામમાંથી અધિકૃત કર્મચારીએ બતાવ્યા મુજબ યોગ્ય જગ્યાએ ગોઠવી આપીશું અને તે માટે કોઈપણ પ્રકારની મજુરી માંગીશું નહીં.

૯. કોર્પોરેશનના ગોડાઉનો સવારના ૧૦:૩૦ થી સાંજના ૧૮:૧૦ વાગ્યા સુધી ખુલ્લા રહેશે.ગોડાઉનના મેનેજર અથવા કોર્પોરેશનના અધિકૃત કર્યા હોય તેવા બીજા કોઈપણ અધિકારીની વિવેકબુધ્ધિ અનુસાર દિવસની જરૂરીયાત પ્રમાણે ઉપર જણાવેલ કલાકો કરતા વહેલું કામ શરુ કરે અને સાંજે અથવા મોડી રાત્રે બંધ કરે તેવા સંજોગોમાં આવા વધુ કલાકો કામ કરવા માટે આ નિયત સમય બાધક બનશે નહિં. અને આવા વધારાના કલાકો માટે ઓવર ટાઈમ રુપે કોઈપણ પ્રકારની વધારાની ચુકવણી માંગીશું નહિં. જો કામદારોને ઓવર ટાઈમ ચુકવવાનો થાય તો તે અમારી એટલે કે ઈજારદારની જવાબદારી રહેશે. આમ છતાં ગોદામ કારકુન/ મેનેજર સાંજે ૬.૧૦ કલાકે ગોદામ બંધ કરી શકે તે રીતે અમો દિવસનું બધું કામ પુરું કરવાની વ્યવસ્થા કરવા બંધાઈએ છીએ.

૧૦. અનાજ અગર અન્ય ચીજવસ્તુઓ ચઢાવતી વખતે અગર તો ઉતારતી વખતે અમારા મજુરો દૂર્વ્યય કે બગાડ ન કરેતે જોવાની અમારી ફરજ અને જવાબદારી અમો સ્વીકારીએ છીએ. આ કામગીરી દરમ્યાન કોર્પોરેશનની માલ મિલ્કતને કોઈપણ જાતનું નુકશાન થશે તો તેવા સંજોગોમાં નુકશાનીની રકમ અમારી પાસેથી કોર્પોરેશન ધ્વારા વસુલ લેવામાં આવશે. જે અમો સ્વીકારીએ છીએ.

૧૧. અનુકુળ મોસમ દરમ્યાન તેમજ જરુર જણાય ત્યારે અનાજ સાફ કરવાનું અને તેની સમભરતી કરવાનું કામ ગોદામની બહાર કરવા અમો બંધાઈએ છીએ.

**૧૨. સમભરતીના વિલંબ બાબત.**

**(અ)** નિગમની સ્થાયી સુચના મુજબ એક દિવસની સમભરતીની કામગીરી પુરી કરવા માટે અમો બંધાયેલા છીએ. પુરતા અને વ્યાજબી કારણો વિના અમારી કસુરના કારણે જો કોઈ વિલંબ થાય તો તેઅંગે નિગમ ધ્વારા જે કોઈ પગલાં લેવામાં આવશે તે અમોને કબુલ મંજુર રહેશે.

**(બ)** નિગમની સ્થાયી સુચના મુજબ સમભરતી એક દિવસમાં કરવી જોઈએ તેની અમોને ખબર છે. જો આ સમયમર્યાદામાં વ્યાજબી કારણો સિવાય સમભરતી કરવામાં નિષ્ફળ જઈએ તો એક દિવસની સમયમર્યાદા બાદ કોઈપણ વજનની બોરી માટે પ્રતિ દિન પ્રતિબોરી ૦.૫૦ પૈસાના દરે દંડ અમોને કરવામાં આવશે અને તેની રકમ અમારી લ્હેણી થતી બીલની રકમમાંથી વસુલ કરવા દેવા માટે અમો બંધાઈએ છીએ.આ દંડની રકમ કરારનામામાં દર્શાવેલ અન્ય શિક્ષાત્મક જોગવાઈઓ ઉપરાંતની રહેશે જેની અમોને જાણ છે.

(ક) આ કરાર હેઠળ હાથ ધરાયેલ મજુરી કામ અમો રોજેરોજ ઝડપથી પુંરું કરી આપીશું અને તે કોઈ કારણસર કામ અટકી જાય ત્યારે આવા વિલંબ અથવા નિષ્ફળતાને લીધે નુકશાનની કોઈપણ રકમ અમારી પાસેથી વસુલ કરવાનો કોર્પોરેશનનો હકક રહેશે. આથી બીજા પગલાં લેવાના કોર્પોરેશનના હકને કશો બાધ આવશે નહિં આવા વખતે કોર્પોરેશન દંડ તરીકે અને કોર્પોરેશનને થયેલ નુકશાન વસુલ કરવા માટે આ અનામત અથવા તેનો કોઈપણ ભાગ જપ્ત કરી શકશે. દંડ અથવા વળતરની રકમ કોર્પોરેશનના અધિકૃત અધિકારી નકકી કરશે. અને આવા દંડ અથવા વળતરની જાણ થયેથી અમો તુરત જ જરુરી રકમ ભરીને અનામતની રકમ પૂર્વવત કરી આપવા બંધાઈએ છીએ.

(ડ) નિગમની સ્થાયી સુચનાઓ મુજબ પુરા વજનથી સમભરતી કરવા અમો બંધાયેલા છીએ. સામાન્ય સંજોગોમાં તાજેતરમાં કરવામાં આવેલ સમભરતીવાળી ગુણોમાં વજનનો તફાવત માલુમ પડશે તો આવી ભરતી અનિયમીત ભરતી ગણાશે જેની જવાબદારી અમારી રહેશે. અને તે માટે નિગમના પ્રતિનિધિ તરફથી સુચના મળ્યેથી વિના મુલ્યે ફરીથી સમભરતી કરી આપવા અમો બંધાયેલા છીએ તેમજ આવી અનિયમીત ભરતી માટે નિગમ ધ્વારા જે કોઈ દંડ/ પગલાં લેવામાં આવશે તે અમોને બંધનકર્તા રહેશે.

(ઈ) ગોડાઉનવાઈઝ સમભરતી ૨૪ કલાકમાં નીચે મુજબના પ્રમાણમાં કરવાની રહેશે. જે મુજબ સમભરતી કરવા અમો બંધાઈએ છીએ.

| અ. નં. | ગોડાઉનવાઈઝ ગત વર્ષમાં માર્ચ માસમાં એફ.સી.આઈ. માંથી આવક થયેલ ઘઉં, ચોખા, બાજરી, મકાઈ વિગેરે જથ્થો | ૨૪ કલાકમાં સમભરતી કરવાનો ગોડાઉનવાઈઝ જથ્થો (મે.ટન) |
|---|---|---|
| ૧. | ૨૫૦ મે. ટન સુધી | ૨૭.૦ |
| ૨. | ૫૦૦ મે. ટન સુધી | ૩૪.૦ |
| ૩. | ૭૫૦ મે. ટન સુધી | ૫૧.૦ |
| ૪. | ૧૦૦૦ મે.ટન સુધી | ૬૮.૦ |
| ૫. | વધારાના દરેક ૫૦૦ મે.ટન કે તેના ભાગ માટે | ૩૪.૦ |

૧૩. સમભરતી જથ્થાની આવક થયેથી ૨૪ કલાકમાં કરવાની રહેશે તે અમો સ્વીકારીએ છીએ. ગોડાઉન ખાતે આવક થયા બાદ કરવાની થતી સમભરતીનાં ૨૪ કલાકની/ એક દિવસની ગણતરી દરમ્યાન જે દિવસે ગોડાઉનની કામગીરી બંધ હોય તો તે દિવસ પુરો થયા બાદનાં પ્રથમ કામકાજનાં દિવસે પુરા થતાં સમયને ૨૪ કલાકની ગણત્રીને ધ્યાનમાં લેવાનાં રહેશે.

૧૪. અમારે આ કરારનામાના ભાગ રુપે જે કામગીરી કરવાની થાય તે બધી જ કામગીરી અમો અમારા માર્ગદર્શન હેઠળ સુવ્યવસ્થિત કરાવીશું. અને અમોએ આ માટે રાખેલ કામદારો કે જેમના અંગેની સઘળી જવાબદારી અમારી રહેશે તે અમો સ્વીકારીશું તેમને ચુકવવાના થતાં વેતન તથા લાભો નિયમીત રીતે અઠવાડીક ધોરણે ચુકવીશું અને કોઈપણ સંજોગોમાં લઘુતમ વેતન ધારા મુજબ પગાર અને સ્પેશીયલ એલાઉન્સની રકમ કરતાં ઓછી રકમ ચુકવીશું નહિં. અને તેનો ભંગ થાય તો તેની સઘળી જવાબદારી અમારી રહેશે. અમોએ રાખેલ કામદારોને જયારે પગારની ચુકવણી કરીએ ત્યારે કોર્પોરેશનના જવાબદાર અધિકારી/ કર્મચારીની હાજરીમાં ચુકવણું કરશું અને ત્યારબાદ કોર્પોરેશનના જવાબદાર અધિકારી/ કર્મચારીની પગાર પત્રકમાં સહી કરવાનું સ્વીકારીએ છીએ. આમ કરવામાં કસુર થશે તો કોર્પોરેશન આ કામ માટે અમારે બાકી નીકળતી લ્હેણી રકમમાંથી કામદારોને ચુકવવાપાત્ર મજુરી અને પેશગીઓનો કામચલાઉ ચુકવણું કરશે અને આ ચુકવણાઓની અમારી પાસેથી વસુલાત કરવાનો કોર્પોરેશનને અધિકાર રહેશે.

**૧૫(અ)** અમો પ્રોવિડન્ડ ફંડ કાયદા ૧૯૫૨ હેઠળ-------------------નંબરનો પ્રોવિડન્ડ ફંડ નંબર ધરાવીએ છીએ./ ધરાવતા નથી. પરંતુ આ કામગીરી સુપ્રત થવાથી બે માસમાં અમો પી.એફ.નંબર મેળવી લેવા બંધાઈએ છીએ.

**(બ)** અમો આ કરાર અન્વયેની કામગીરી માટે રાખેલ કામદારોના કરવામાં આવતાં ચુકવણામાંથી પ્રોવિડન્ડ ફંડની જે કપાત કરવામાં આવે તે માટે ધી એમ્પ્લોઈઝ પ્રોવિડન્ડ ફંડ એન્ડ મીસે. એકટ ૧૯૫૨ ની જોગવાઈઓ અનુસાર અલગ કોડ નંબર મેળવવાનો રહેશે. અને તેમાં કામ કરતાં કામદારો અને કોન્ટ્રાકટર તરીકેનો પ્રોવિડન્ડ ફંડ ફાળો આમ સંયુકત રીતે કુલ ફાળો જમા કરાવવાનો રહેશે. જયાં સુધી પ્રોવિડન્ડ ફંડ કોડનંબર ન મળે ત્યાં સુધી આ ફાળાની રકમ પ્રોવિડન્ડ ફંડ કમિશ્નરશ્રીની કચેરીની સુચના મુજબ જે તે ખાતામાં જમા કરવાનો રહેશે. અને તેના ચલણની એક નકલ કોર્પોરેશનના અધિકૃત અધિકારી/કર્મચારીને આપવાની રહેશે. તે અમો સ્વીકારીએ છીએ. તેમજ આ કાયદા હેઠળ રાખવા પડતાં તમામ પ્રકારના દસ્તાવેજો/ પત્રકો/ રજીસ્ટરો અમારે નિભાવવાના રહેશે. અને તે બાબતની સંપૂર્ણ જવાબદારી અમો સ્વીકારીએ છીએ. આ બાબતે વખતોવખત ભરવાના થતાં રીર્ટનો નિયમીત રીતે ભરવાની અને કોર્પોરેશનના અધિકારી પાસે તેની ખરાઈ કરવાની જવાબદારી અમો સ્વીકારીએ છીએ.

**(ક)** અમો સંમત થઈએ છીએકે કેટલાક કિસ્સામાં એકજ ઈજારદાર એક કરતાં વધુ ગોડાઉનમાં મજુરી કામના ઈજારા ધરાવતાં હોય તો આવા કિસ્સામાં મજુર ઈજારદારોએ પ્રાવિડન્ડ ફંડની રકમ ગોડાઉન વાર અલગ અલગ ચલણથી જમા કરાવવાની રહેશેઈ અથવા એક જ ચલનથી જમા કરાવેલ હોય તો ચલન સાથે ગોડાઉનવાર જમા કરાવેલ રકમની વિગત દર્શાવવાની રહેશે.

**(ડ)** અમો બરાબર સમજીએ છીએ કે જે ઈસમો /પેઢીઓને મજુરી કામના ઈજારાની કામગીરી નિગમ ધ્વારા સુપ્રત કરવામાં આવે તેઓએ પ્રો.ફંડ કાયદા ૧૯૫૨ નીજોગવાઈઓ હેઠળ જો તેઓને લાગુ પડતું હશે તો તેમણે કામગીરી સુપ્રત થયા તારીખથી બે માસમાં પ્રો.ફંડ રજીસ્ટ્રેશન નંબર મેળવીલેવાનો રહેશે.

**(ઈ)** પ્રો.ફંડ નંબર જે ઈજારદારને મેળવવો જરુરી હશે તે ઈજારદાર ધ્વારા આવો નંબર જો બે માસમાં મેળવવામાં નહીં આવે તો તેઓનો કોન્ટ્રાકટ રદ કરવાપાત્ર થઈ શકશે અને પ્રો.ફંડની જે કોઈ રકમ જમા કરાવવાપાત્ર હશે તે રકમ ઈજારદારના અર્થાત અમારા બીલમાંથી કપાત કરવામાં આવશે. તે બાબતે અમો બંધાઈએ છીએ. તથા નિગમ જે કોઈ દંડ કરે તે અમોને કબુલ મંજુર છે.

૧૬. કોન્ટ્રાકટ લેબર (નિયમન અને નાબુદી ધારો) ૧૯૭૦ ની જોગવાઈઓનું અમો કોન્ટ્રાકટરે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને કાયદા હેઠળ નિયત કરેલ કામદારોની સંખ્યા કરતાં વધુ કામદારો રાખેલ હશે તો જે તે સક્ષમ ઓથોરીટી પાસે જરુરી ફી ભરી તે અંગેનું  અમો લાયસન્સ મેળવી લઈશું અનેએક નકલ કોર્પોરેશનને આપવા બંધાઈએ છીએ.

૧૭. દરેક ધારાઓના પાલન અંગે રાખવાનું થતું તમામ રેકર્ડ સંપૂર્ણપણે અદ્યતન રાખવાની જવાબદારી અમો કોન્ટ્રાકાટરની રહેશે. અને નિયત પત્રકમાં જરુરી વિગત માસવાર ગોડાઉન મેનેજર/ નાયબજિલ્લા મેનેજરશ્રી (ગ્રેડ-૨) ને રજુ કરવામાં આવશે. તેમજ દરેક ધારાઓ અંગે જે લાયસન્સ લેવાનું થાય તે મેળવી  લેવાનું નિયમ અનુસાર મજુરોને સુવિધા આપવાની રહેશે. તેની જવાબદારી અમો કોન્ટ્રાકટરની રહેશે. તેમજ મજુર ધારાની હાલની જોગવાઈઓ તથા ત્યારબાદ તેમાં સરકારશ્રી તરફથી જે ફેરફાર થાય તે મુજબ અમલ કરવાની જવાબદારી અમો કોન્ટ્રાકટરની રહેશે.

૧૮. અમોએ જે મજુરો /કામદારોને કામે રાખેલ હોય અને કામ દરમ્યાન મજુરોને થયેલી અથવા ભોગવવી પડતી ઈજા કે ઈજાઓ માટે અમો જવાબદાર રહીશું અને કામદાર વળતર અધિનિયમ હેઠળ કોર્પોરેશન મારફત આવા કોઈ વળતરનીચુકવણી કરવામાં આવે , કોર્પોરેશન તરફથી માંગણી કરવામાં આવેલ અને ત્યારે આ માટે ચુકવાયેલી બધી રકમો કોર્પોરેશનને ભરપાઈ કરી આપીશું.

૧૯. અમોએ મજુરી કામ માટે રોકેલ મજુરોને જુદા જુદા મજુર કાયદાઓ અન્વયે કોન્ટ્રાકટ લેબર નિયમન અને નાબુદી -૧૯૭૦ પ્રોવિડન્ડ ફંડ , જકાત, ગ્રેજયુઈટી, શોપ્સ એન્ડ એસ્ટ્રાબ્લીશમેન્ટ એકટમાં દર્શાવવામાં આવેલ જોગવાઈઓનું અમારે પાલન કરવાનું રહેશે. અને તે બાબતની અમારી સંપૂર્ણ જવાબદારી ઓ રહેશે. અમારા કર્મચારી વતીથી કોઈ નાણાંકીય જવાબદારી અદા કરવાની થાયતો તેની સંપૂર્ણ રકમ કોર્પોરેશન અમારા બીલ કે ડીપોઝીટમાંથી વસુલ કરવાને હકદાર રહેશે.

૨૦. આ કરારનું જરુરી અને યોગ્ય પાલન થાય તે માટે રુ.------------------------(અંકે રુપિયા------------------------------------------) અનામત ડી.ડી. /પે ઓર્ડર, રસીદ નંબર---------------થી તા.---------------------થી કોર્પોરેશનમાં જમા કરાવેલ છે.આ કરારની શરતોનો કોઈપણ પ્રકારે ભંગ થાય અથવા અમે હાથ ધરેલું કામ પુરું ન કરી શકીએ તો આ અનામતની રકમ પુરેપુરી અથવા તેનો કોઈપણ ભાગ જપ્ત કરવાનો કોર્પોરેશનને હકક રહેશે, નુકશાનીની રકમ, ખોટ, ચાર્જ અથવા કોર્પોરેશને કરેલા બધા ખર્ચા વસુલ કરવા માટે લીધેલાઅન્ય પગલાંને બાધ આવ્યા સિવાય કોર્પોરેશનને આ જપ્તી કરવાનો પુરો હક રહેશે. અને તે અમોને બંધનકર્તા રહેશે.

**૨૦.૧ ઈજારદાર ધ્વારા કોર્પોરેશન સાથે થયેલ કરારભંગ તેમજ તેઓની બેદરકારી કે નિષ્ફળતાને કારણે તેમની સામે તમામ પ્રકારના શરત ભંગના પગલા જેવા કે નાણાંકિય નુકશાનની વસુલાત, દંડ અને સીકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવા, કરાર રદ કરવો, કાળીયાદીમાં મુકવા વિગેરે કોર્પોરેશનના સીટી મેનેજરશ્રી/ નાયબ જીલ્લા મેનેજરશ્રી (ગ્રેડ–૨) લઈ શકશે. જે અમોને બંધનકર્તા રહેશે.**

૨૧. કોર્પોરેશને નકકી કરેલી ઉપરોકત અનામતની રકમ ઉપર કોઈપણ પ્રકારનું વ્યાજ ચુકવવામાં આવશે નહિં અને તે કોન્ટ્રાકટ પુરો થયે તેને લગતા હિસાબની પતાવટ થયે આ અનામતની રકમ કોર્પોરેશન જો અમોએ કામગીરી સંતોષકારક રીતે પુરી કરેલ હશે અને કોર્પોરેશનની બાકી લ્હેણી રકમો ચુકવી હશે તો તે પરત કરશે.

૨૨. આ કરાર તા.------------------------થી તા.૩૧/૦૩/૨૦૧૯ સુધી અમલમાં રહેશે. પરંતુ કોઈપણ કારણસર કોર્પોરેશન લેખિત નોટીસ આપી કરારનો અંત લાવી શકશે. અને આવા પ્રસંગે કોઈ વળતર માંગવાનો અમારો હક રહેશે નહિં.

૨૩. અમોએ આ બાબતમાં સંમતિ આપીએ છીએ કે કોર્પોરેશનના અધિકૃત અધિકારી ઈચ્છે તો કલમ ૨૨ માં જણાવેલી મુદતમાં ૩ (ત્રણ) માસનો વધારો કરી શકશે. અને આ અંગેની લેખિત જાણ કરારની મુદત પુરી થયાના છેલ્લા દિવસ અગાઉ અમોને કરવાની રહેશે.

૨૪. આ કરારથી નિર્દિષ્ટ સમયમર્યાદા પુર્ણ થવાથી અથવા તો આ કરારનો અંત આવે ત્યારે અમારા દવારા જે કામદારો લાવવામાં આવ્યા હોય તે તમામ અમો પરત લઈ જઈશું. અને આ કામદારોની

નોકરી કે કામગીરી અંગે નિગમની કોઈ જવાબદારી રહેશે નહિં. તે અમો સ્વીકારીએ છીએ. તથા કામદાર અંગેની તમામ જવાબદારી અમારી અંગત રહેશે. જે અમોને કબુલ મંજુર છે.

૨૫. કોર્પોરેશન સાથે અમારા કરારનો અંત આવ્યાથી આ કરારની કામગીરી માટે અમોએ કાયદેસર રીતે રાખવા પડતાં વિવિધ મજુર કાયદા હેઠળના રજીસ્ટર પત્રકો સહિત તમામ પ્રકારના દસ્તાવેજો જેવા કે હાજરી પત્રક, પગાર પત્રક, હકકરજા પત્રક, ઓળખ પત્રક, વિગેરે રજીસ્ટરો તથા અન્ય પત્રકો કોર્પોરેશનને સુપ્રત કરવાના રહેશે. તે અમો સ્વીકારીએ છીએ.

૨૬. આ કરારની રુએ અમોએ કરેલ કામગીરીના અમો ધ્વારા રજુ કરવામાં આવેલ બીલનું ચુકવણું કરતી વખતે કોર્પોરેશન ધ્વારા આવકવેરા કાયદાની જોગવાઈઓ અનુસાર કરવાની થતી જરુરી કપાતો કરીને ચુકવણું કરશે તે અમો સ્વીકારીએ છીએ.

૨૭. અમો અગર અમારા મજુરો અગર અમારા અધિકૃત પ્રતિનિધિને મુંબઈ નશાબંધી નિયમ ૧૯૪૯ અથવા મુંબઈ અફીણ ધુમ્રપાન અધિનિયમ ૧૯૩૯ હેઠળ તકસીરવાર ઠરાવવામાં આવે તો કોર્પોરેશન આ કરારનો અંત લાવી શકશે અને આ બાબતે અમો કોઈ વળતર માંગવા હકદાર રહીશું નહિં.

૨૮. આ કરાર હેઠળની કોર્પોરેશનની લ્હેણી અથવા કોર્પોરેશન ધ્વારા વસુલ કરવાપાત્ર રકમ કોર્પોરેશનને ચુકવવાપાત્ર થાયતે તારીખથી વાર્ષિક ૧૫ % વ્યાજ સહિત જમીન મહેસુલની બાકી તરીકે કોર્પોરેશન અમારી પાસેથી વસુલ કરી શકશે.

૨૯. અમારી કસુર, ગેરવર્તન માટે અમારી સામે કાયદેસરની કાર્યવાહી ને બાધ આપ્યા સિવાય કોર્પોરેશન કરાર રદ કરી શકશે. અને આ કરાર રદ થવાના કારણે કોઈ વળતર માંગવાનો અમારો હકક રહેશે નહિં.

૩૦. આ કરારની કોઈ કલમના માર્ગદર્શન ,અર્થઘટન માટે કોઈ વિવાદ ઉભો થશે તો કોર્પોરેશનના મેનેજીંગ ડીરેકાટરશ્રીનો નિર્ણય આખરી ગણાશે. અને તે અમોને બંધનકર્તા રહેશે.

૩૧. આ કરારની શરતો ઉપરાંત ટેન્ડર નોટીસની શરતો પણ અમોને બંધનકર્તા રહેશે.

૩૨.૧ ઈજારો મંજુર થયે કોન્ટ્રાકટરે એક મુકાદમ (સુપરવાઈઝર) તથા નીચે દર્શાવ્યા પ્રમાણેના ઓછામાં ઓછા મજુરો ગોડાઉનની રોજીંદી કામગીરી માટે પુરા પાડવાના રહેશે.

| ક્રમ | વર્ષ ૨૦૧૭-૧૮ના માહે ફેબ્રુ-માર્ચમાં ગોડાઉન કેપેસીટી મુજબ કુલ આવકનું પ્રમાણ (તમામ જન્સીઓ) | ઓછામાં ઓછા દૈનિક મજુરીઓની હાજરી |
|---|---|---|
| ૧. | ૫૦૦ મે.ટન સુધી | ૫(પાંચ)મજુરો |
| ૨. | ૫૦૦ મે.ટનથી ૧૦૦૦ મે.ટન સુધી | ૮(આઠ)મજુરો |
| ૩. | ૧૦૦૦ મે.ટનથી વધુ | ૧૦(દસ) મજુરો |

ગોડાઉનમાં તમામ જન્સીઓની આવકના પ્રમાણની સાથે સાથે ગોડાઉનની કેપેસીટી(ક્ષમતા) ધ્યાને લઇ ઓછામાં ઓછા દૈનિક મજુરોની હાજરી અલગઅલગ ગણવાની રહેશે જે અમો ઈજારદાર બંધનકર્તા રહેશે.

આ ઉપરાંત નાયબ જિલ્લા મેનેજરશ્રી(ગ્રેડ.૨) અને ગોડાઉન કીપર/ ગોડાઉન મેનેજર જણાવે તે પ્રમાણે અને તેટલી સંખ્યામાં વધારાના મજુરો પુરા પાડવાના રહેશે. જે અમોને બંધનકર્તા રહેશે.

નિગમ દ્વારા રોજેરોજ જેટલા મજુરો પુરા પાડવાનું જણાવવામાં આવે તે કરતા ઈજારદાર દ્વારા જેટલા મજુરો ઓછા પુરા પાડવામાં આવશે તેટલા મજુરો માટે પ્રતિ દિન/પ્રતિ મજુર દીઠ રૂ. ૫૦૦/- ની પેનલ્ટી(દંડ) કરવામાં આવશે. જે તમામ ટેન્ડરરને બંધનકર્તા રહેશે.

૩૨.૨ ગોદામની રોજીંદી કામગીરી માટે પુરતા મજુરો પુરા પાડવા અમો બંધાઈએ છીએ. ગોદામ કીપર/ ગોડાઉન વ્યવસ્થાપક જણાવે તે પ્રમાણે અને જણાવે તેટલા મજુરો અમો પુરા પાડીશું તેમ કરવામાં અમો નિષ્ફળ જઈએ તો કોર્પોરેશનની કામગીરી પુંરી કરવા માટે ગોદામ કારકુન/વ્યવસ્થાપક બહારથી મજુરો રોકી કામ પુંરું કરાવી શકશે. અને આ કારણે થનારું વધારાનું ખર્ચ અમારા પાસેથી વસુલ કરવા કોર્પોરેશન હકકદાર રહેશે. નિગમ ધ્વારા વખતોવખત જે કોઈ સુચના આપવામાં આવે તે સુચનાનું પાલન કરવાનું અમોને કબુલ મંજુર છે અને તે માટે અમો બંધાઈએ છીએ.

૩૩. આ કરારની મુદત પુરી નહી કરીએ તો અમારા હિસાબે અને જોખમે કોર્પોરેશનના અધિકૃત અધિકારીશ્રી અન્ય કોઈપણ વ્યવસ્થા કરી શકશે. અને તેમ કરતાં થયેલી નુકશાની અમારી પાસેથી જમીન મહેસુલની બાકી તરીકે વસુલ કરવા કોર્પોરેશન હકદાર રહેશે.

૩૪. આ કરાર માટે જરુરી સ્ટેમ્પ ખર્ચ અમો ભોગવવા કબુલ કરીએ છીએ.

૩૫. આ કરારખતમાં કોઈપણ વિવાદ ઉભો થશે તો તેનું જયુરીડીકશન ગાંધીનગર રહેશે. તે અમો સ્વીકારીએ છીએ.

૩૬. આ કરાર અમો કોન્ટ્રાકટરશ્રી ------------------------------------------------------------- આજ રોજ તારીખ---------------------- માહે------------------------૨૦૧૮ ના રોજ -------------------------- મુકામે સમજી વિચારીને અમારી શુધ્ધબુધ્ધિથી કરેલો છે. જે અમારા વાલી, વારસો, એસાઈનીઓ / ભાગીદારોને /વ્યકિતગત રીતે /સામૂહિક રીતે બંધનકર્તા રહેશે. અમો કે અમારા મજુરો કે ઈજારદારના કે તેના પ્રતિનિધિઓએ કરેલ આ કરારની કોઈપણ શરતનો ભંગ કે કાયદાનો ભંગ અમો ઈજારદારે કરેલ ગણાશે. અને તે અમોને કબુલ છે.

ઈજારદારની સહી અનેસિકકો

અમારી રુબરુ

૧.

૨.

અધિકૃત અધિકારીની સહી અને સિકકો

અમારી રુબરુ

(૧)

(૨)

### પરિશિષ્ટ-૧

### sDH|ZL SFDULZLGF ભાવ માટેનુ કરારખત સાથેનું પરિશિષ્ટ)

**વર્ષ : ૨૦૧૮-૧૯** **ગોડાઉનનું નામ:-...............**

| ક્રમ | ગોડાઉનમાં ભરાઈ, ઉતરાઈ, સમભરતી, થપ્પી કરવી, સ્થાનિક ખરીદીની કામગીરીની મજુરી કામગીરીની વિગત. | એક મે.ટનના ભાવ રૂ.પૈસા |
|---|---|---|
| ૧ | **નિગમ ધ્વારા ઉપલબ્ધ સ્ટેકર અને કન્વેયર બેલ્ટની મદદ સિવાય.**<br>વાહનમાંથી કોઈપણ જગ્યાએથી જથ્થો ઉતારી ગોડાઉનમાં ૨૦ કે તેથી વધુ થર સુધી સ્ટેક કે સાદી થપ્પી કરી આપવા અથવા ગોડાઉનમાંથી સ્ટેકનો જથ્થો વાહનમાં વ્યવસ્થિત ગોઠવી આપવા અથવા ગોડાઉનમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ ગુણીઓ ખસેડી વાચફેરીથી સ્ટેક કરવાના. | |
| | **નોંધ:** આઈટમ–૧ ની કામગીરી વજન કરીને કરાવવામાં આવશે તો આ આઈટમના મંજુર થયેલા ભાવ ઉપરાંત ૧૦% વધારે ચુકવવામાં આવશે. | |
| (૨) | સ્ટેકમાંથી અથવા સાદી થપ્પીમાંથી ગુણીને કાઢી કાંટા ઉપર લાવી તેનો તોલ લઈ ઠરાવેલ વજન કરતાં વધારાનું વજન ગુણીમાંથી કાઢી અથવા ઘટતું અનાજ ગુણીમાં નાખી ને તે ગુણી સરખા વજનની તોલ કરીને કાંટા ઉપરથી ખસેડીને પીળા કલર-દોરાની મશીન સિલાઈ કરીને સરખી ભરતીની ગુણીઓ કરીને તે ગુણી ઉપર નિગમ સુચવે તે મુજબજાહેર વિતરણ વ્યવસ્થા માટે ગોડાઉનનું નામ, તથા માસ/વર્ષ મુજબનું કલર /શાહીથી લખાણ/ સ્ટેમ્પીંગ કરીને અથવા નિયત કરેલ ટેગ મશીન સિલાઈ સાથે ગુણી ઉપર લગાવી ગુણીઓ ગોડાઉનમાં ૨૦ કે તેથી વધુ થર સુધી સ્ટેક કરવાના અથવા વાહનમાં વ્યવસ્થિત ગોઠવવાના ભાવ. (કોન્ટ્રાકટરે સૂતળી, પીળા કલરની દોરી અને શાહી/ નિયત કરેલ ટેગ પોતાની વાપરવાની રહેશે. તેમજ બારદાન ફાટેલ, તૂટેલ હોય તો તે સુતળી ટાંકાથી સાંધવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. | |
| | **નોંધ:-(૧)** પથારો કરવાને બદલે દુકાનદારોને સમભરતીમાંથી સીધેસીધી ગુણીઓ આપવામાં આવે તો ઈસ્યુની આઈટમ નંબર (૧) ચુકવવાની રહેશે નહિં. | |
| | (૨) વાહનમાંથી ગુણી ઉતારી સીધી સમભરતી કરી સ્ટેક કરવાના અગર ફરીથી વાહનમાં ભરવામાં આવે ત્યારે આઈટમ નં. (૨) પ્રમાણે જ મંજુર કરેલ ભાવે ચુકવણી કરવાની રહેશે. જયારે આવા કિસ્સામાં આઈટમ નં. (૧) ની મજુરી ચુકવવાની રહેશે નહિં. આવા કિસ્સામાં પણ ઉપરોકત (૧) મુજબ કપાત કરવાની રહેશે. | |
| | (૩) ગુણી/ કટ્ટા ઉપર સ્ટેમ્પીંગ કરવામાં ન આવે અથવા નિયત કરેલ ટેગ લગાવવામાં ન આવે તો આવું સ્ટેમ્પીંગ ન કરવા અથવા નિયત કરેલ ટેગ ન લગાવવા બદલ ગુણી/ કટ્ટા દીઠ રૂ.૦.૫૦ પૈસા દંડ લેવામાં આવશે. આ દંડ વસુલ કરાયા બાદ પણ ઈજારદાર આવું સ્ટેમ્પીંગ કરવાનું અથવા આવી ટેગ ગુણીઓ ઉપર લગાવી આપવાની રહશે. | |
| | (૪) નિગમની સ્થાયી સુચના મુજબ એક દિવસની સમભરતીની કામગીરી પુરી કરવાની રહેશે. પુરતા અને વ્યાજબી કારણો વિના જો આ સમયમર્યાદામાં સમભરતી કરવામાં ન આવે તો કામકાજના એક દિવસની સમયમર્યાદા બાદ કોઈપણ વજનની બોરી માટે પ્રતિ | |

| | | |
|---|---|---|
| | દિન પ્રતિબોરી ૦.૫૦ પૈસાના દરે દંડ કરવામાં આવશે અને તેની રકમ લ્હેણી થતી બીલની રકમમાંથી વસુલ કરવામાં આવશે. | |
| (૩) | ખેડુતના વાહનમાંથી ખરીદ કેન્દ્ર/ માર્કેટયાર્ડ ખાતે વેચાણ માટે લાવેલ અનાજનો લુઝ જથ્થો ખાલી બારદાનમાં ભરી કાંટા પર લાવી તેનો તોલ લઈ ઠરાવેલ વજન કરતાં વધારાનું વજન ગુણીમાંથી કાઢી અથવા ઘટતું અનાજ ગુણીમાં નાખી તે ગુણી સરખા વજનની તોલ કરીને કાંટા ઉપરથી ખસેડીને નિયત કરેલ કલર દોરાની મશીન સીલાઈ કરીને સરખી ભરતીની ગુણીઓ કરીને તે ગુણી ઉપર નિગમ સુચવે તે મુજબ જાહેર વિતરણ વ્યવસ્થા માટે ગોડાઉનનું નામ, તથા માસ/ વર્ષ મુજબનું કલર/ શાહીથી લખાણ /સ્ટેમ્પીંગ કરીને અથવા નિયત કરેલ ટેગ મશીન સિલાઈ સાથે ગુણી ઉપર લગાવી, ગુણીઓ ગોડાઉનમાં સ્ટેક કરવાના અથવા વાહનમાં વ્યવસ્થિત ગોઠવવાના ભાવ (કોન્ટ્રાકટરે સુતળી નિયત કરેલ કલરની દોરી અને સિલાઈ મશીન તથા શાહી/ટેગ પોતાની વાપરવાની રહેશે તેમજ બારદાન ફાટેલ તુટેલ હોય તો તે સુતળી ટાંકાથી સાંધવાની જવાબદારી કોન્ટ્રકરશ્રીની રહેશે.)<br><br>**નોંધઃ–**<br><br>**૧.** પથારો કરવાને બદલે વાહનમાં ચઢાવવામાં આવે કે તબદીલ કરવા માટે ભરતીમાંથી સીધેસીધી ગુણીઓ આપવામાં આવે તો આઈટમ નં.(૧) ચુકવવાની રહેશે નહી.<br><br>**૨.** ગુણી/ કટ્ટા ઉપર સ્ટેમ્પીગ કરવામાં ન આવે અથવા નિયત કરેલ ટેગ લગાવવામાં ન આવે તો આવું સ્ટેમ્પીગ ન કરવા અથવા નિયત કરેલ ટેગ ન લગાવવા બદલ ગુણી/ કટ્ટા દીઠ રૃ.૦.૫૦ પૈસા દંડ લેવામાં આવશે. આ દંડ વસુલ કરાયા બાદ પણ ઈજારદારે આવું સ્ટેમ્પીગ કરવાનુ અથવા આવી ટેગ ગુણીઓ ઉપર લગાવી આપવાની રહશે. | |
| | **નોંધઃ મજુરી કામના ભાવો પ્રમાણે નીચેની શરતોએ ચુકવણું કરવામાં આવશે.**<br>૧. ૮૫ કિલોગ્રામ નેટ વજનની અને તેના થી વધુ વજનની નેટ ભરતીની ગુણો માટે ૧૦૦ કિ.ગ્રા.ની ગુણીના મંજુર કરેલા પુરા ભાવથી ચુકવણું કરવામાં આવશે.<br>૨. ૫૦ કિલોગ્રામ નેટ વજનથી વધુ અને ૮૫ કિલોગ્રામ નેટ ભરતીથી ઓછા વજનવાળી ગુણો માટે ૧૦૦ કિ.ગ્રા.ની ગુણીના મંજુર કરેલ દરના ૩/૪ દરે ચુકવણી કરવામાં આવશે.<br>૩. ૨૦ કિલોગ્રામ નેટ વજનથી વધુ અને ૫૦ કિલોગ્રામ નેટ વજન સુધીની ગુણો માટે ૧૦૦ કિ.ગ્રા.ની ગુણીના મંજુર કરેલા દર થી ૬૦ % દરે ચુકવણી કરવામાં આવશે.<br>૪. ૨૦ કિલોગ્રામથી ઓછા નેટ વજન સુધીની ગુણો માટે ૧૦૦ કિ.ગ્રા.ની ગુણીના મંજુર કરાયેલા દરથી ૨૫% ના દરે ચુકવણી કરવામાં આવશે.<br>ઉપરોકત ૧ થી ૪ માં નેટ વજનની ભરતી એટલે બારદાનના વજન સિવાયની ગણવાની રહેશે. તેમજ મજુરી કામગીરીમાં ગુણીઓ સિવાય બંડલ, કાર્ટુન, ટીન વિગેરે વસ્તુઓનો સમાવેશ પણ થાય છે. | |

મજુરી કામગીરી માટે **એક મે.ટન** ના ભાવો ઓન લાઈન ભરવાના રહેશે.

તારીખ: ......./....../૨૦૧૮ **ઈજારદારની સહી અને સીકકો**

સ્થળ :-